સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# એસ કે પટેલ સ્કૂલમાં ડો એક્ટિવિટી યોજાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ કે પટેલ સ્કૂલમાં શનિવારે 'ડો એક્ટિવિટી' કાર્યક્રમ યોજાયો હતો. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને અનેક પ્રકારનાં રમકડાં બનાવી આનંદ માણ્યો હતો.

# સરકારી કૉલેજ ગાંધીનગર ખાતે 'નોન - ડિસટ્રકટિવ ટેસ્ટિંગ'ના સેન્ટર ઓફ એક્સેલન્સનું ઉદઘાટન

ગાંધીનગર, તા. ૬

વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૯ અંતર્ગત, સરકારી ઈજનેરી કૉલેજ, સેકટર-૨૮, ગાંધીનગરની અને ગલ્ફ એન ડીએ ઈન્ડસ્ટ્રીઅલ સર્વિસિસ, અમદાવાદ વચ્ચે થયેલ રૂા. ૧૧ લાખના ફાઈનાન્સિયલ એમ.ઓ.યુ.ના ભાગરૂપે મેટર્લજી વિભાગમાં, તા. ૮મી જુલાઈના રોજ સવારે ૧૧.૩૦ કલાકે, સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન 'નોન - ડિસટ્રકટિવ ટેસ્ટિંગ ફેસેલિટી' ના ઉદ્‌ઘાટનનું આયોજન થનાર છે તથા તા. ૮મી જુલાઈ થી ૧૨ જુલાઈ, ૨૦૧૯ માનનીય કમિશનર, ટેકનિકલ એજયુકેશન, ગાંધીનગર દ્વારા પ્રમાણિત, એક અઠવાડિક પ્રેક્ટિકલ તાલીમ 'ઈન્ડસ્ટ્રીયલ બેસ્ડ નોન ડીસટ્રકટ્રીવ ટેસ્ટીગ એન્ડ પ્રેક્ટિસીસ' તાલીમનું આયોજન થયેલ છે.



જેમાં રાજયની વિવિધ સરકારી ડિગ્રી - ડિપ્લોમા ઈજનેરી કૉલેજ, ગ્રાન્ડ-એન-એડ., સેલ્ફ ફાઈનાન્સ સંસ્થામાં ફરજો બજાવતા મિકેનિકલ, મેટુલજી તથા પ્રોડકશન વિદ્યાશાખાના અધ્યાપકો, પ્રાઈવેટ મેટલ કંપનીના ઈજનેરો વગેરે ૪૦ લોકો ભાગ લેનાર છે. આ પ્રેક્ટિકલ તાલીમ મેટલ ઉદ્યોગ સાથે સંકળાયેલા નિષ્ણાંતો દ્વારા આપવામાં આવશે.

આ તાલીમ મેળવેલ જ્ઞાનનો લાભ, વિવિધ અધ્યાપકો દ્વારા સમગ્ર વિદ્યાર્થીઓને મળશે, તેમજ 'સેન્ટર ઓફ એક્સેલેન્સ ઈન નોન ડિસટ્રકટિવ ટેસ્ટિંગ ફેસિલીટી' દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાન કૌશલ્યમાં વધારો થશે.

## જન્મદિને વધામણી



દિવ્ય અશ્વિન ત્રિવેદી
યુવા પ્રમુખ, અખિલ ભારતીય બ્રાહ્મણ વિકાસ પરિષદ
મો. ૯૭૩૭૭ ૧૧૧૯૧



જી પી પટેલ
સામાજિક કાર્યકર
મો. ૯૭૨૬૭ ૦૨૯૩૮

# મેડિકલ સાયન્સના ક્ષેત્રમાં ડૉ. ભાર્ગવીની અનેરી સિદ્ધિ

ગાંધીનગર, તા. ૬

રાજકોટનાં ડૉ. ભાર્ગવી જયદીપસિંહ ડોડિયાએ મેડિકલ ક્ષેત્રની શ્રેષ્ઠ અને કઠિન ગણાતી રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ, ન્યુ દિલ્હી દ્વારા લેવાતી ડીએનબી પરીક્ષા પહેલા જ પ્રયાસે પાસ કરી છે.



ડૉ. ભાર્ગવીએ ડીએનબી (એનેસ્થેસિયોલોજી)માં થિયરી, પ્રેક્ટિકલ અને થિસિસી રાઈટીંગ ત્રણેયમાં એકસાથે ઝળહળતી સફળતા મેળવી છે. બી જે મેડિકલ કોલેજ, અમદાવાદનાં વિદ્યાર્થિની ડૉ. ભાર્ગવી ડોડિયા મેડિકલ સાયન્સ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ધરાવે છે. વર્ષ ૨૦૧૨માં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલી એમબીબીએસની પરીક્ષામાં ડૉ. ભાર્ગવી ડોડિયાએ ૬૩.૮૦ ટકા ગુણ મેળવ્યા હતા અને વર્ષ ૨૦૧૬માં ગુજરાત યુનિવર્સિટીની ડિપ્લોમા ઈન એનેસ્થેસિયોલોજીની પરીક્ષામાં ૬૯.૧૬ ટકા મેળવી સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ડૉ. ભાર્ગવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, અંગ્રેજી ભવનના અધ્યક્ષ પ્રૉ. જયદીપસિંહ ડોડિયા અને સિવિલ હોસ્પિટલ, રાજકોટના આસિ. નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ ધીરજબા ડોડિયાનાં સુપુત્રી તથા આર્કિટેક્ટ કુલદીપસિંહ ડોડિયાનાં બહેન છે. તેમના દાદા કિસાભાઈ વીરાભાઈ ડોડિયા જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના શીલોદર ગામના સરપંચ રહી ચૂક્યા છે અને તેઓ શીલોદર ખેડૂત સેવા સહકારી મંડળીના પ્રમુખ છે.

## એસ.વી. સ્કૂલમાં 'ફ્રૂટ ડે'ની ઉજવણી



ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં 'ફ્રૂટ ડે'ની ઉજવણી થઈ ગઈ. બાળકો ફ્રૂટ પ્રિન્ટવાળા વિવિધ પ્રકારના વસ્ત્રો પરિધાન કરી, વિવિધ પ્રકારના ફ્રૂટ લઈને ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને તમામ ફ્રૂટસ વિષે માહિતી આપી, તેમના ફાયદાઓ સમજાવી, ફ્રૂટસ ખાવા વિષે પ્રોત્સાહન આપ્યું હતું. ઉત્સાહી શિક્ષિકા ભૂમિકા વ્યાસે બાળકોને 'ફ્રૂટ ડીલાઈટ' નામની ગેમ રમાડી હતી તથા તમામ બાળકોએ મસ્તીથી ડાન્સ કરી, ઉજવણીને સાર્થક બનાવી હતી. વાલીઓએ પણ બાળકો સાથે અવનવા ફ્રૂટ ચાર્ટ, ફ્રૂટ ટ્રેન, ફ્રૂટ બાસ્કેટ, ફ્રૂટ બોટ, ફ્રૂટ ડિશ મોકલાવી, અદભૂત સહયોગ આપી, શાળા પરિવારની પ્રસંશા કરી, પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

## શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ



ગાંધીનગર તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ગાંધીનગર ખાતે આવેલ શ્રીમતી એમ.બી.પટેલ કન્યા પ્રા. સ્કૂલમાં તા. ૪થી જુલાઈ, ૨૦૧૯ને રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કાઉટ ગાઈડની વિદ્યાર્થીઓ દ્વારા ૨૫ વૃક્ષો શાળાના પ્રાંગણમાં રોપવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા બહેન નીરુબેન પટેલે વિદ્યાર્થીઓ બહેનોને વૃક્ષો રોપ્યા પછી તેના જતન અને મહત્વ વિશે માર્ગદર્શન આપી તેના જતનની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

# હરેકૃષ્ણ મંદિર ખાતે સ્વર્ણ રથયાત્રાની ભવ્ય ઉજવણી



હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે સ્વર્ણ રથયાત્રાની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભક્તોએ આ રથયાત્રાનો લાભ લીધો હતો. મંદિરનું આખુંય પરિસર ભક્તોથી છલકાઈ ઉઠ્યું હતું. પ્રભુના જયઘોષથી ભક્તોએ પરિસરને ગજવી મૂક્યું હતું. સાંજે પ્રભુની મહાઆરતી કરવામાં આવી હતી, તે સમયે અલૌકિક વાતાવરણ ખડું થયું હતું.

## રાજનિષ્ઠા અને શુશ્રુસા

શુધ્ધ રાજનિષ્ઠા મેં જેટલી મારે વિષે અનુભવી છે તેટલી ભાગ્યે જ બીજામાં મેં જોઈ હોય. એ રાજનિષ્ઠાનું મૂળ સત્ય ઉપરનો મારો સ્વાભાવિક પ્રેમ હતો એમ હું જોઈ શકું છું. રાજનિષ્ઠાનો કે બીજી કોઈ વસ્તુનો ડોળ મારાથી કોઈ દિવસ કરી જ નથી શકાયો. નાતાલમાં જ્યારે હું કોઈ સભામાં જતો ત્યારે ત્યાં 'ગોડ સેવ ધ કિંગ' તો ગવાય જ. મને લાગ્યું કે મારે પણ તે ગાવું જોઈએ. બ્રિટિશ રાજનીતિમાં ખોડો ત્યારે પણ હં જોતો. છતાં એકંદરે મને તે નીતિ સારી લાગતી હતી. બ્રિટિશ અમલનું ને અમલદારોનું વલણ એકંદરે પ્રજાનું પોષક છે એમ હું ત્યારે માનતો.

150 ગાંધીયાત્રા

દક્ષિણ આફ?રિકામાં ઊલટી નીતિ જોતો, રંગદ્વેષ જોતો. તે ક્ષણિક અને સ્થાનિક છે એમ માનતો. જેથી રાજનિષ્ઠામાં હું અંગ્રેજોની હરીફાઈ કરવા મથતો. ખંતથી અંગ્રેજોના રાષ્ટ્રગીત 'ગોડ સેવ ધ કિંગ'નો સૂર મેં શીખી લીધો. તે સભાઓમાં ગવાય તેમાં મારો સૂર ભેળવતો. અને જે જે પ્રસંગો આડંબર વિના વફાદારી બતાવવાના આવે તેમાં હું ભાગ લેતો.

એ રાજનિષ્ઠાને મારી જિંદગીભરમાં મેં કોઈ દિવસ વટાવી નથી. મારો અંગત લાભ સાધવાનો મને વિચાર સરખોયે નથી થયો. વફાદારીને કરજ સમજી મેં સદાયે તે અદા કરી છે.

જ્યારે હિંદુસ્તાન આવ્યો ત્યારે રાણીની ડાયમંડ જ્યુબિલીની તૈયારીઓ શરૂ થઈ હતી. રાજકોટમાં પણ એક સમિતિ નિમાઈ. તેમાં મને આમંત્રણ થયું. મેં તે સ્વીકાર્યુ. મને તેમાં દંભની ગંધ આવી. તેમાં દેખાવને સારુ બહુ થતું મેં જોયું. એ જોઈ મને દુઃખ થયું. સમિતિમાં રહેવું કે નહીં એ પ્રશ્ન મારા આગળ ખડો થયો. અંતે મારા કર્તવ્યનું પાલન કરીને સંતોષ માનવાનો મેં ઠરાવ કર્યો.

વૃક્ષારોપણ કરવાની એક સૂચના હતી. આમાં હું દંભ જોઈ ગયો. વૃક્ષારોપણ કેવળ સાહેબલોકને પ્રસન્ન કરવા પૂરતું કરવાનું હતું એમ જણાયું. લોકોને મેં સમજાવવા પ્રયત્ન કર્યો કે વૃક્ષારોપણની કોઈ ફરજ નથી પાડતું, એ ભલામણરૂપે છે. વાવવાં તો દિલ કઈને વાવવાં અથવા તો મુદ્દલ નહીં. મને કંઈ સ્મરણ છે કે આમ કહેતો ત્યારે લોકો મારી વાત હસી કાઢતા. મેં મારા ભાગનું ઝાડ તો બરાબર વાવ્યું, ને તે ઊછર્યુ એટલું મને યાદ છે.

'ગોડ સેવ ધ કિંગ' હું કુટુંબનાં બાળકોને શીખવતો. મેં ટ્રેનિંગ કોલેજના વિધાર્થીઓને શીખવ્યાનું મને સ્મરણ છે. પણ તે આ જ પ્રસંગે કે સાતમા એડવર્ડના રાજ્યારોહણ પ્રસંગે એ મને બરોબર યાદ નથી. આગળ જતાં મને આ ગીત ગાવું ખટક્યું, અહિંસાના મારા વિચારો મારામાં જેમ પ્રબળ થતા ગયા તેમ મારી વાણી અને વિચારો ઉપર હું વધારે ચોકી કરવા લાગ્યો. એ ગીતમાં બે લીટી આ પણ છેઃ

તેના શત્રુઓનો નાશ કરજે, તેમનાં કાવતરાને નિષ્ફળ કરજે.

આ ગાવાનું મને ખટક્યું. મારા મિત્ર ધ. બૂથને મેં મારી મુશ્કેલીની વાત કરી. તેમણે પણ કબૂલ કર્યુ કે એ ગાવું અહિંસક મનુષ્યને શોભે નહીં. શત્રુ કહેવાયા તે દગો જ કરે એમ કેમ માની લેવાય? શત્રુ માન્યા તે ખોટા જ હોય એમ કેમ કહેવાય? ઈશ્વરની પાસે તો ન્યાયની જ માગણી કરાય. દા. બૂથે આ દલીલ સ્વીકારી. તેમણે પોતાના સમાજમાં ગાવા સારુ નવું જ ગીત રચ્યું. દા. બૂથની વિશેષ ઓળખાણ હવે પછી કરીશું.

જેમ વફાદારીનો ગુણ મારામાં સ્વાભાવિક હતો તેમ શુશ્રુષાનો. માંદાં, પછી સગાં હોય કે પરાયાં, તેમની સેવા કરવાનો મને શોખ હતો એમ કહી શકાય. રાજકોટમાં મારું દક્ષિણ આફ્રિકાનું કામ ચાલતું હતું તે દરમ્યાન હું મુંબઈ જઈ આવ્યો. મુખ્ય શહેરોમાં સભાઓ ભરીને લોકમત વિશેષ કેળવવાનો ઈરાદો હતો. એને અંગે જ હું ગયેલો. પ્રથમ તો ન્યાયમૂર્તિ રાનડેને મળ્યો. તેમણે મારી વાત ધ્યાન દઈને સાંભળી ને મને સર ફિરોજશાને મળવાની સલાહ આપી. પછી હું જસ્ટિસ બદરુદીન તૈયબજીને મળ્યો. તેમણે પણ મારી વાત સાંભળીને તે જ સલાહ આપી. 'જસ્ટિસ રાનડે અને હું તમને બહુ થોડા દોરી શકીશું. (ક્રમશઃ)

'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# માતૃભાષા ખીલવે છે : મૌલિકતા અને સર્જનશીલતા

**માતૃભાષા-ચિંતન**
**હર્ષદ પ્ર. શાહ**

હેમંત ઠક્કર (એન એમ ઠક્કરની કંપની : પુસ્તક પ્રકાશક) 'માતૃભાષા માટે આપણે શું કરી શકીએ' નામના પુસ્તકમાં એમના લેખમાં લખે છે : 'ભાષા જો સહજ રીતે પ્રાપ્ત થાય તો એ જ્ઞાનના પ્રવેશદ્વાર જેવી બની રહે. માતૃભાષા દ્વારા પ્રાપ્ત શિક્ષણ સમજપૂર્વકની જ્ઞાનપ્રાપ્તિ કરાવે છે. એટલે જ એવા શિક્ષણની અસર પણ ચિરંજીવી રહે છે.'

દરેક દેશે પ્રજાજાગૃતિ પોતાની ભાષા મારફત કરી છે. તેથી આ દેશોના દરેક કાર્યમાં નવીનતા જોઈ શકાય છે.

જે કોઈ પ્રતિભાશાળી સાહિત્યકારો થયા છે એ સૌએ પોતાની માતૃભાષામાં જ સર્જન કર્યું છે. સાહિત્ય માટેનું નૉબેલ પારિતોષિક મેળવનાર કવિવર રવીન્દ્રનાથ ટાગોરે પોતાની મૂળ કૃતિઓ પોતાની માતૃભાષામાં જ રચી હતી. વિજ્ઞાનના ક્ષેત્રે નૉબેલ પારિતોષિક મેળવનાર સર સી વી રામને શાળાનું શિક્ષણ પોતાની માતૃભાષામાં જ લીધું હતું. હજુ થોડાં વર્ષો પહેલાં અર્થશાસ્ત્રમાં નૉબેલ પારિતોષિક મેળવનાર અમર્ત્ય સેને પોતાનું પ્રાથમિક શિક્ષણ શાંતિનિકેતનમાં એટલે કે માતૃભાષામાં - બંગાળીમાં લીધું હતું.'

મૌલિકતા અને સર્જનશીલતા તો એ ભાષામાં જ વિકસે જે ભાષામાં મનુષ્યનો વિચારપ્રવાહ ચાલતો હોય. એમાં જ વિચારોની ક્રમબદ્ધતા જળવાય. એમાં જ વિચારને યોગ્ય રીતે શબ્દોમાં ઢાળી શકાય. એમાં જ આત્મવિશ્વાસપૂર્વકની અભિવ્યક્તિ પણ શકય બને. પરભાષામાં લખવા કે બોલવા માટે પહેલાં તો માતૃભાષામાં વિચારવું પડે, એથી પ્રક્રિયાનું એક માધ્યમ વધી જાય અને અભિવ્યક્તિ પણ ધારદાર ન બને.

વિશ્વના અનેક દેશો અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરતા જ નથી. પોતાની ભાષામાં જ વિજ્ઞાન, ગણિત તથા અનેક શાસ્ત્રોનો વિકાસ કરે છે. જેમ કે; રશિયા રશિયન ભાષાનો, ફ્રાન્સ ફ્રેન્ચ ભાષાનો, જર્મની જર્મન ભાષાનો, ચીન મેંડેરિયન ભાષાનો, ઈઝરાયેલ હિબ્રૂ ભાષાનો અને જાપાન જાપાનીઝ ભાષાનો ઉપયોગ કરે છે. શું આ બધા દેશોએ વિકાસ નથી કર્યો ? શું આ દેશોમાં સારા ડૉક્ટરો, ઍન્જિનીયરો, ગણિતશાસ્ત્રીઓ કે વિજ્ઞાનીઓ પાક્યા જ નથી ? એમની અનેક મૌલિક શોધોએ સંપૂર્ણ જગતને પ્રકાશ આપ્યો છે. અત્યારે આ બધા દેશો તો વિશ્વના વિકસીત દેશો છે. અનેક ક્ષેત્રોમાં એમણે પ્રગતિ સાધી છે... પણ એમની પ્રગતિનું માધ્યમ રહ્યું છે એમની પોતાની ભાષા. પારકી ભાષાની આંગળી પકડીને એ ચાલતા નથી. એ સ્વાભિમાની અને સ્વાવલંબી જીવન ખુમારીથી જીવે છે. પારકાં ઘરેણાં પહેરવાથી આપણા દેહની શોભા ન વધારાય! એમાં તો સ્વાભિમાનનું હનન છે. દરેક દેશની ભાષામાં એ દેશના વિચારો, એમની સંસ્કૃતિ અને એમના જ્ઞાનનું પ્રતિબિંબ પડે છે. એ દેશોની પ્રકૃતિ અને ત્યાંના લોકોનો સ્વભાવ એમની ભાષા દ્વારા સમજાય છે.

જ્ઞાન-વિજ્ઞાનની જે પણ વાતો જાણવા જેવી હોય તે પોતાની ભાષાથી અધિક બીજી કઈ ભાષા સમજાવી શકે ? માહિતીનું રૂપાંતર સમજમાં અને સમજનું રૂપાંતર જ્ઞાનમાં - વ્યવહારમાં કરવું એ સાચી પ્રક્રિયા છે. એ પ્રક્રિયા માટેનો પદાર્થ ભાષા છે. પોતાની ભાષામાં જે વિજ્ઞાન સમજાય તે પારકી ભાષામાં શી રીતે સમજાય ? કારણ કે વિજ્ઞાન સમજવાની વાત તો દૂર રહી, પ્રથમ તો એ ભાષા જ શીખવી પડે. સમજવું છે મેડિકલ સાયન્સ પણ પહેલાં સમજવી પડે છે અંગ્રેજી ભાષા. સમજવું છે ઈજનેરી વિજ્ઞાન, સમજવી છે 'સ્ટ્રક્ચર ડિઝાઈન' પણ પહેલાં સમજવી પડે છે અંગ્રેજી ભાષા... અને એ ભાષા સમજવામાં જ અભ્યાસનો બધો સમય પૂરો થઈ જાય છે. જવું છે પહેલા માળ પર, પણ ઉપર ચડવાની નિસરણીને જ લક્ષ્ય માનીને, પકડીને ઊભા રહી જવા જેવી આ સ્થિતિ છે !

માટે જો આપણે દેશને શ્રેષ્ઠ સાહિત્યકારો, કવિઓ, લેખકો, વિજ્ઞાનીઓ અને ગણિતશાસ્ત્રીઓની ભેટ આપવા માગતા હોઈએ તો એનો રાજમાર્ગ છે : માતૃભાષામાં જ વિચાર વાવવા, તો સરસ ફાલ મળશે.

બીજી એક મહત્ત્વની વાત. જો આપણે એવું માની બેસાઈ કે ડૉક્ટર-ઍન્જિનીયર થવા માટે આધુનિક જ્ઞાન-વિજ્ઞાન કે યંત્રવિદ્યા માત્ર અંગ્રેજી ભાષામાં જ છે તો તો આપણી સ્થિતિ કૂવામાંના દેડકા જેવી થાય. કૂવો અંગ્રેજી, દેડકા ભારતીય ! કેવી વિચિત્ર સ્થિતિ ! જ્ઞાનનો અગાધ ભારતીય મહાસાગર છોડીને વિદેશી કૂવાને પ્રેમ કરવા જેવી આ વિચિત્ર વાત છે.

દુનિયામાં ૨૦૦ કરતાં વધારે દેશો છે. દરેકને પોતાની ભાષા છે અને એમાં અનેક વિષયો એમણે વિકસાવ્યા છે. તો દુનિયાની અનેક ભાષામાં ડોકિયું કરવાથી જ્ઞાનસંપદા વધશે. માત્ર અંગ્રેજીના મોહપાશમાં જકડાઈ જઈને જ્ઞાનની સીમાઓનું સંકોચન ન જ કરવું જોઈએ.

વિશ્વના વિકસિત દેશો જીવલેણ રોગોની મોંઘીદાટ દવાઓ અને સારવાર પદ્ધતિઓ શોધી શકતા હશે પણ રોગ ન થાય, નીરોગી રહેવાય, સંપૂર્ણ સ્વસ્થ રહેવાય એવી જીવનશૈલી બતાવી શકતા નથી. એ તો આયુર્વેદ અને યોગવિજ્ઞાન જ બતાવી શકે.

આપણી મૂળ સંસ્કૃત ભાષામાં આપણા દેશમાં અનેક શાસ્ત્રો વિકસ્યાં હતાં. ઈજનેરી વિદ્યા, નૌકા વિદ્યા, ખગોળ વિદ્યા, ભૂસ્તર વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને ગણિત જેવાં અનેક શાસ્ત્રોનો વિકાસ ભારતીય ભાષામાં ઉત્તમ રીતે થયો છે કારણ કે એ વખતે આપણી મૌલિકતા અને સર્જનશીલતા સોળે કળાએ ખીલેલી હતી. અંગ્રેજી ભાષાનું ગ્રહણ લાગેલું નહોતું.

ભાસ્કરાચાર્યના રચેલા 'લીલાવતી' અને 'સિદ્ધાંત શિરોમણિ' જેવા ગણિત અને ખગોળના ગ્રંથોને અરબી લોકો અરબસ્તાન લઈ ગયા અને એમની ભાષાઓમાં એનાં તથ્યોનું અર્થઘટન કર્યું. આવું જ્ઞાન આપણી ભાષાઓનું જ હતું એનું ગૌરવ આપણા મનપ્રદેશમાં સ્થાપિત કરવાને બદલે આપણું જે જ્ઞાન બીજી ભાષાઓમાં ઊતર્યું તેનું 'ઈમ્પોર્ટેડ' કહી સ્વાગત કરવું અને આપણા મૌલિક અને સ્વદેશી જ્ઞાન પ્રત્યે હીન ભાવ અનુભવવો... આ કેવી વિડંબના !

જેને ઉચ્ચ અભ્યાસ કરવો છે, જેને સ્થૂળ ત્યાગી સૂક્ષ્મનો અભ્યાસ કરવો છે, જેને જ્ઞાતથી અજ્ઞાત તરફ જવું છે તેણે મનને સંશોધનના ક્રિયાક્ષેત્રમાં ગોઠવવું જોઈએ. આપણા દેશમાં અન્ય દેશો જેટલાં સંશોધનો થતાં નથી એ સર્વવિદિત છે, અને એનું કારણ પણ એ જ છે કે પરભાષાને વળગીને આપણે મૌલિકતા અને સર્જનશીલતા ગુમાવી બેઠા. કોઈ પણ વૈચારિક અધિષ્ઠાન માતૃભાષાના માધ્યમ વિના કદાપિ સંભવિત ન બની શકે. કારણ કે મન વિચારે છે માતૃભાષામાં, સમજે છે માતૃભાષામાં અને અનુભૂતિ પણ કરી શકે છે કેવળ માતૃભાષાના વાયુમંડળમાં. અન્ય કોઈ ભાષા સંશોધન, વિશ્લેષણ અને પૃથક્કરણની પ્રક્રિયામાં સહાય કરી શકતી નથી. હા ઉપરછલ્લી, પૂરક મદદ જરૂર કરી શકે.

ભાષા કંઈ માત્ર અભિવ્યક્તિનું માધ્યમ જ છે એવું નથી, એ અનુભવની આરાધના અને મૌલિકતાની ઉપાસનાનું શ્રેષ્ઠ ઉપકરણ છે.

પ્રતિભાવ આવકાર્ય -
matrubhasha.gaurav@gmail.com